| **GJBK020085952025** | દાખલ તારીખ | ૦૩/૧૨/૨૦૨૫ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૦૩/૧૨/૨૦૨૫ | | |
| | નિર્ણય તારીખ | ૨૪/૦૪/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | **૦૦** | **૦૪** | **૨૧** |

सत्यमेव जयते

---

**બનાસકાંઠા જિલ્લાના ચોથા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની કોર્ટમાં,**

**મુ. પા લ ન પુ ર.**

**ક્રિમીનલ કેસ નંબર:– ૧૭૬૨૪/૨૦૨૫ .**

---

**આંક–**

**ફરિયાદી** :– શ્રી સ ર કા ર.

**વિરુધ્ધ :–**

**આરોપી** :– વિક્રમજી પોપટજી માઢવાતર(ઠાકોર),
ઉ.વ. ૨૫ , ધંધો – મજુરી,
રહે:– મડાણા(ડાં) ભેરવદાદાના મંદીર પાસે
તા.પાલનપુર, જિ.બ.કાં

**ગુનો** :– **ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫–( એફ ) મુજબ.**

ફરિયાદપક્ષ તરફે :– વિધ્વાન એ.પી.પી.શ્રી, ટી.એસ.ડામોર .

આરોપીપક્ષ તરફે :– વિધ્વાન વકીલશ્રી, પી.વી.ઠાકોર .

**-: ચુ કા દો :-**

(૧) આ કામના આરોપી સામે ફરિયાદપક્ષે ગઢ પોલીસ સ્ટેશન પ્રોહિબિશન ગુના રજીસ્ટર નંબર- ૧૧૧૯૫૦૨૪૨૫૦૪૫૯/૨૦૨૫, અન્વયે ગુનો રજીસ્ટર્ડ કરી ધી પ્રોહિબિશન એકટની કલમ -૬૫-( એફ ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કામ નંબર- ૧૭૬૨૪/૨૦૨૫ તરીકે નોંધવામાં આવેલ છે.

(૨) આરોપી મુદતે હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી અદાલતે આરોપી વિરુધ્ધ આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવ્યા બાદ આરોપીની ગુના અંગેની પ્લી આંક-૦૫ થી નોંધવામાં આવી જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ટ્રાયલ કલેઈમ કરેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

(૩) ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**(અ) મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૦૬ | પંચ- ભેમાભાઈ સત્રાભાઈ વાલ્મિકીની જુબાની |
| (૨) | ૦૮ | પંચ- સોરાબજી મગનજી ઠાકોર ની જુબાની |
| (૩) | ૦૯ | ફરિયાદી - વિજયજી શંકરજીની જુબાની |
| (૪) | ૧૧ | ત.ક.અ - રાહુલદાન સમરતદાન ની જુબાની |

**(બ) દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| (૧) | ૦૭ | પંચનામુ |
| (૨) | ૧૦ | ફરીયાદ |

(૪) ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ

છે અને ત્યારબાદ ફરિયાદપક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા પાત્ર પુરાવો રેકર્ડ ઉપર ન હોઈ જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને આ વિશેષ નિવેદન ન નોંધવાથી આરોપી પક્ષને કોઈ નુકશાન જવાનો સંભવ નથી. વધુમાં, તેમણે બચાવના સાહેદો તપાસવાનું પસંદ કરેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ટી.એસ.ડામોર તથા આરોપી તરફે વિ.વ.શ્રી, પી.વી.ઠાકોર ની દલીલો સાંભળી. આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૮/૨૦૨૫ના રોજ કલાક ૧૮:૩૦ વાગે મોજે મડાણા(ડાં) મુકામે પોતાના કબ્જા ભોગવટાના વાડામાં જમીનમાં દાટેલ બે માટી ના માટલામાં દેશી દારૂ ગાળવાનો વોશ આશરે લીટર ૧૪ કી.રૂ.૩૫૦/– નો ગે.કા. અને વગર પાસ પરમીટનો રાખી પોલીસ રેઈડ દરમ્યાન પોતાના ભોગવટાના વાડામાં હાજર મળી આવી , ધી પ્રોહિબીશન એકટની કલમ – ૬૫ ( એફ ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના હવે પછી તુરત ચર્ચા કર્યાનાં આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**// નિર્ણય અંગેના કારણો //**

**મુદ્દા નંબર–૧,૨:–**

(૭) આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ–૬૫( એફ ) મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૭.૧) આ કામે રજુ થયેલ મૌખિક પુરાવો જોતાં આ કામે પંચ સાહેદ ભેમાભાઈ સત્રાભાઈ વાલ્મિકીને આંક–૦૬થી અને સોરાબજી મગનજી ઠાકોર ને આંક–૦૮થી તપાસેલ છે અને સદર પંચ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સિવાય પંચનામાની હકીકતો વિશે તેઓ જાણતા નથી, વળી પંચોએ સ્વીકાર રાખેલ છે કે, સહી કર્યા સિવાય તેઓ કશું જાણતા નથી અને તેથી સદર પંચનામાની હકીકત માની શકાય નહિ કેમ કે, સદર પંચનામું શાનું છે તે પણ સદર પંચ સાહેદને ખબર ન હતી. તેઓની પંચનામામાં સહી લેવામાં આવેલ. આમ, ફરિયાદપક્ષ કહેવાતું આંક–૦૭નું પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનું પંચનામું માની શકાય નહિ.

(૭.૨) આ સિવાય ફરિયાદપક્ષે ફરિયાદી વિજયજી શંકરજીને આંક–૦૯ થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તથા પો.સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મડાણા(ડાં) મુકામે આરોપી ના કબ્જા ભોગવટાના વાડામાં જમીનમાં દાટેલ બે માટી ના માટલામાં દેશી દારૂ ગાળવાનો વોશ આશરે લીટર ૧૪ કી.રૂ.૩૫૦/– મળી આવતા પંચનામાંની વિગતે કબજે લઈ જે મતલબનું પંચનામું કરી લીધેલું અને તેમણે આંક–૧૦ વાળી ફરિયાદ આપેલી. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ તેમની સદર હકીકતને તટસ્થ અને સ્વતંત્ર પંચ સાહેદોએ સમર્થન કરેલ નથી. વધુમાં, તપાસ કરનાર અમલદાર રાહુલદાન સમરતદાન આંક–૧૧ થી તેમની જુબાનીમાં ઉપરોકત ફરિયાદીના પુરાવાને સમર્થન કરી તેઓએ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લઈ પૂરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલનું જણાવેલ છે. પરંતુ સદર તપાસ કરનાર અમલદાર તેમની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, પોલીસ સાહેદ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. સાહેદોએ નિવેદનમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. બનાવવાળી જગ્યાએ ઘણા લોકોની અવર જવર વાળી જાહેર જગ્યા છે. તેઓ સ્વીકારે છે કે તેઓ કેમીકલ એનેલાઈઝર નથી અને તે બાબતે કોઈ ટ્રેઈનીંગ લીધેલ નથી તેથી એફ.એસ.એલ.ના અભિપ્રાય વિના તેઓ ચોક્કસ કહી શકે નહિ કે પકડાયેલ મુદ્દામાલમાંનું પ્રવાહી દેશી દારૂ ગાળવાનો વોશ જ હતો. સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો, સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો

છે તે સિવાયના તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે. પંચોએ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ, 1979(0) AIJEL-MH-147444માં** પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સં જોગોમાં ફરિયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિ. સદર કામે સાહેદો પોલીસના સાહેદો છે, જેથી ફકત તેઓના નિવેદનને ધ્યાને લઈ સદર કામના આરોપીને સદર ગુના માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતું નથી. તેમજ તપાસ કરનાર અમલદારે તેમના પુરાવામાં જણાવ્યા મુજબ આ કામે કબજે કરેલ મુદામાલ દેશી દારૂ હતો કે કેમ તે અંગેનું એફ.એસ.એલ. સર્ટિફિકેટ આજ દિન સુધી આવેલ નથી તે જોતાં સદરહું મુદ્દામાલ દેશી દારૂ હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૮) **મુદા નં.ર :–** ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહીં તેમ માની મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર–ર અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–ર૪૮(૧) અન્વયે પ્રોહિબિશન એકટની કલમ–૬૫( એફ ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલ દેશી દારુનો નાશ કરવો.

(૩) હાલના આરોપીએ અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ચોવીસ , માહે– એપ્રિલ ,
સને–બે હજાર છવ્વીસ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી
સંભળાવી જાહેર કર્યો.

મુ.પાલનપુર.

તા. ૨૪/૦૪/૨૦૨૬ . **(સંદિપકુમાર જગદીશભાઈ ઠકકર)**

ચોથા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,

બનાસકાંઠા–પાલનપુર.

(કોડ નં. જી.જે.–૦૧૨૭૭)